ગાંધીનગર સમાચાર

બાકી બીલો નહીં ચુકવાય ત્યાં સુધી સરકારી કામો બંધ : કોન્ટ્રાક્ટરો



(તસવીર : કશ્યપ નિમાવત)

ફળોના રાજાનું આગમન - ફળોના રાજા કેરીનું આગમન થતાં સ્વાદપ્રિય શોખીનોમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે... છેલ્લા કેટલાક સમયથી કેરીની કાગડોળે રાહ જોવાતી હતી... શહેરના બજારમાં આજે કેરી જોવા મળી હતી... જોકે ભાવ આસમાને છે... તસવીરમાં જોઈને જ સંતોષ માની લેવો પડે એવા ઉંચા ભાવ ચાલે છે... જોકે વેપારીઓનું માનવું છે કે, આગામી દિવસોમાં કેરીની બજારમાં આવક વધતા ભાવ સમતોલની સંભાવના રહેલ છે.

# ગાંધીનગરમાં વીજદરમાં યુનિટે ૧૮ પૈસા ઘટાડો

## ગાંધીનગર વિસ્તારના ૬૫ હજાર વિજજોડાણ કર્તાઓને વિજબીલમાં ફાયદો થશે : ગુજરાત વિદ્યુતનિયંત્રક આયોગનો હુકમ રાત્રિના વપરાશને પ્રોત્સાહન આપવા માટે પણ વિવિધ નિયંત્રણો હળવા કર્યા

ગાંધીનગર તા ૧

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા રેગ્યુલેટરી ચાર્જ સંદર્ભે એકવાર પાછલા સમયની ઘટ વસુલ થઈ જાય ત્યારબાદ આ ચાર્જની વસુલાત બંધ કરી દેવાનો હુકમ કરાતા અમદાવાદ, ગાંધીનગર અને સુરતના ગ્રાહકોને યુનિટ દીઠ ૧૮ પૈસાનો ફાયદો થશે. ગાંધીનગર વિસ્તારના અંદાજિત ૬૫ હજાર જેટલા વિજજોડાણ કર્તાઓના વિજબીલમાં ઘટાડો થશે. જેના પરિણામે વીજ બીલમાં પણ રાહત થશે.

ટોરેન્ટ પાવર લી દ્વારા વિજ વિતરણ દરો નક્કી કરવા માટેની દરખાસ્ત જી ઈ આર સીના બહુવર્ષીય વિજ દર નક્કી કરવા માટે આયોગ સમક્ષ રજુ કરવામાં આવી હતી. જયારે આયોગ દ્વારા આ દરખાસ્તની ચકાસણી બાદ વાંધાસુચનો મંગાવાયા હતા. જયારે આ મામલે આયોગ દ્વારા ગત તા ૧૫ ફેબ્રુઆરીના રોજ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સંસ્થાકીય ધોરણે આયોગ સમક્ષ વાંધા સુચનો રજુ કરાયા હતા. જેના આધારે આયોગના સભ્ય કે એમ શ્રિંગાપુર તેમજ પી જે ઠક્કરે દરખાસ્તને અનુલક્ષી હુકમ કરવામાં આવ્યો હતો. જે મુજબ ટેરીફમાં વધારો કરવાને બદલે રેગ્યુલેટરી ચાર્જની વસુલાત મંજુર કરવામાં આવી છે. જેથી ગ્રાહકો પર કોઈ ભારણ આવશે નહી. વધુમાં રાત્રિના સમય દરમિયાન વિજ વપરાશને પ્રોત્સાહન આપવા માટે વિવિધ નિયંત્રણોને હળવા કરવામાં આવ્યા છે.

ટોરેન્ટ પાવર લી દ્વારા પાછલા સમયગાળાની ઘટ રૂ ૬૩૮.૫૧ કરોડને રેગ્યુલેટરી ચાર્જ ૬૦ પૈસા યુનિટ લેખે વસુલવા મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે આયોગ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ની સરપ્લસને એડજેસ્ટ કરવા નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે પાછલા સમયગાળાની ઘટ રૂ ૪૭૦.૫૦ કરોડને રેગ્યુલેટરી ચાર્જ ૪૫ પૈસા યુનિટ લેખે વસુલ કરવા દેવાનુ માન્ય રાખવામાં આવ્યુ છે. આયોગ દ્વારા પાછલા સમયગાળાની ઘટને એપલેટ ટ્રીબ્યુનલના ચુકાદાને લીધે મંજુર રાખવામાં આવી છે. પેટ્રોલ તેમજ ગેસના ભાવમાં થઈ રહેલા ઘટાડા ખાસ કરીને ગેસના ભાવના ઘટાડાને ધ્યાને લઈને આયોગ દ્વારા એફ પીપીએ ચાર્જ ૧.૩૫ યુનિટ કરી દેવામાં આવ્યો છે. જેના પરિણામે દરેક ગ્રાહકના ટેરિફમાં ૧૮ પૈસા યુનિટે ઘટાડો થશે. ગાંધીનગર વિસ્તારના ૬૫ હજાર જેટલા ગ્રાહકોને ફાયદો થશે.

# આજથી ગાંધીનગરમાં "મધુર" બનશે "અમૂલ"

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની મધુર બ્રાન્ડનું દૂધ અને છાશ આજથી અમૂલના બેનર હેઠળ વેચાશે તેમ ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલ અને મધુર ડેરીના ચેરમેનશ્રી શંકરસિંહ રાણાએ આજે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (મધુર ડેરી), દ્વારા પણ તા. ૨જી એપ્રિલ, ૨૦૧૬થી પાઉચ મિલ્ક અને અન્ય દૂધ ઉત્પાદનોના વેચાણ માટે અમૂલ બ્રાન્ડ અપનાવવાનો નિર્ણય કરાયો છે.

આ દૂધ સંઘે દૂધ અને તાજી પ્રોડક્ટ્સની સમગ્ર રેન્જનું માર્કેટીંગ જીસીએમએમએફને સોંપ્યું છે, જે અમદાવાદ અને ગાંધીનગરના જોડિયા શહેરોમાં પ્રોડક્ટના માર્કેટીંગમાં એકરૂપતા હાંસલ કરશે.

હાલમાં ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, દ્વારા ગાંધીનગર જિલ્લામાં મધુર બ્રાન્ડ હેઠળ પોતાના વિતરણ નેટવર્ક હેઠળ પાઉચ મિલ્ક, દહીં અને છાશનું વેચાણ થાય છે. મધુર બ્રાન્ડ હેઠળ હાલમાં દૈનિક ૧ લાખ લીટર દૂધનું વેચાણ થાય છે અને તે ગાંધીનગર શહેરમાં લગભગ ૯૮ ટકા બજાર હિસ્સો ધરાવે છે.

જીસીએમએમએફના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલે જણાવ્યું હતું કે "અમને ગાંધીનગર જિલ્લામાં તાજા ઉત્પાદનોના વેચાણ માટે તક ધરાવતુ બજાર જણાયું છે. અમે ગાંધીનગર જિલ્લાના ગ્રાહકો બ્રાન્ડ અંગે સભાન છે અને અમૂલના મજબૂત બ્રાન્ડનામ સાથે જોડાવા તત્પર છે તેવા ૬ લાખ ગ્રાહકોને પાઉચ મિલ્ક સહિત અમૂલની સમગ્ર રેન્જની પ્રોડક્સનું વેચાણ કરીશું. અમે ગાંધીનગરના ગ્રાહકોને ઉત્તમ ગુણવત્તા ધરાવતી તાજી પ્રોડક્સ પોસાય તેવી કિંમતે ઓફર કરીશું. અમૂલ ગાંધીનગરના દૂધના બજારમાં વધુ પ્રભાવક હિસ્સો હાંસલ કરવા સજ્જ છે.

અમૂલ દ્વારા હાલમાં ગોલ્ડ, શક્તિ, તાજા, ટી-સ્પેશ્યલ અને ગાયના દૂધ ઉપરાંત અમૂલ ડાયમન્ડ અને અમૂલ સ્લીમ અને ટ્રીમ નામના દૂધના નવા બે વેરીયન્ટ ગાંધીનગરના દૂધના ગ્રાહકો માટે ઉપલબ્ધ રહેશે. દહી અને છાશ ઉપરાંત જીસીએમએમએફ દ્વારા, પ્રોબાયોટીક લસ્સી, ફ્લેવર્ડ યોગર્ટ, તાજા પનીર સહિતની અન્ય પ્રોબાયોટીક પ્રોડક્ટસ રજૂ કરશે.

ફેડરેશનના મેને. ડિરેક્ટર શ્રી સોઢી તથા મધુરના મેને. ડિરેક્ટર શ્રી રોહિત મહેતાએ જણાવ્યું હતું કે મિઠાઈ, નમકીન, આઈસ્ક્રીમ જેવા પ્રોડક્ટસ મધુરના નામે જ વેચાણ ચાલુ રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# એપ્રિલ ફુલ બનાયા તો ઉનકો ગુસ્સા આયા.....

ગાંધીનગર તા ૧

એપ્રિલ ફુલ બનાયા તો ઉનકો ગુસ્સા આયા....મધુર દુધના અમુલ બ્રાન્ડીંગ પુર્વે ૧ એપ્રિલના રોજ નગરજનોને વિનામુલ્યે દુધની બે થેલીઓ આપવામાં આવશે તેવા સમાચાર ગાંધીનગર સમાચારમાં પ્રસિધ્ધ થયા હતા જયારે આ એપ્રિલ ફુલ ન્યુઝથી મોટાભાગના વાચકોએ દુધની થેલી માટે સવારથી જ પુછતાછ શરૂ કરી દીધી હતી. જયારે એપ્રિલ ફુલ બનતા વાચકોએ અને તેમના પરિવારજનોએ આ વાતને હળવા મુડમાં લઈને મજાક મસ્તીનો લુપ્ત ઉઠાવ્યો હતો. આ એપ્રિલ ફુલ સમાચાર પ્રસિધ્ધ થતા કંપની તેમજ નગરજનોને કોઈપણ તકલીફ વેઠવી પડી હોય તો મેનેજમેન્ટ તરફથી દીલગીરી વ્યકત કરવામાં આવી છે. એપ્રિલ ફુલ ...બી ..ફુલ....

# સેમેસ્ટર-૨ માં ગણિતનુ પેપર સરળ

ગાંધીનગર તા ૧

ધોરણ -૧૧ સેમેસ્ટર ૨ માં આજે ગણિત વિષયની પરિક્ષા લેવાઈ હતી. ગણિતનુ પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત નિકળતા વિદ્યાર્થીઓને હાંશકારો થયો હતો. ૪ એમ સી ક્યુ બહારના પુછાયા હતા. જયારે ૬ ગુણના દાખલા પણ વિદ્યાર્થીઓને થોડા અટપટા લાગ્યા હતા. જિલ્લામાંથી ૨૭૩૯ વિદ્યાર્થીઓએ ગણિતની પરિક્ષા આપી હતી.

ધોરણ -૧૧ સેમેસ્ટર ૨ માં કેમેસ્ટ્રી તેમજ બાયોલોજીના પ્રશ્ન પેપર બાદ આજે ગણિત વિષયની પરિક્ષા લેવાઈ હતી. જિલ્લામાંથી કુલ ૨૭૪૪ પૈકી

● અનુસંધાન પાન-૭ પર

# બાકી બીલો નહીં ચુકવાય ત્યાં સુધી સરકારી કામો બંધ : કોન્ટ્રાક્ટરો

## મહાનગરપાલિકાની ચુંટણીનો પણ બહિષ્કાર કરાશે : માર્ગ મકાન મંત્રીને પણ રજુઆત

ગાંધીનગર તા ૧

શહેરમાં પાણી ગટર અને રસ્તા તેમજ સરકારી આવાસોના મજબુતીકરણની કામગીરી સંભાળતા પાટનગર યોજના વિભાગના તંત્રને ગ્રાંન્ટ ન ફળવામાં આવતા કોન્ટ્રાકટરો આગ બબુલા બન્યા છે. ત્યારે કોન્ટ્રાકટર એસોસિએશનની રજુઆત સંદર્ભે વિભાગના સચિવે પણ ઉધ્ધતાઈ દાખવતા લડત વધુ ઉગ્ર બની છે. કોન્ટ્રાકટર એસોસિએશન દ્વારા આગામી મહાનગર પાલિકાની ચુંટણીનો પણ બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

શહેરમાં માળખાગત સુવિધા તેમજ વિકાસના અનેકવિધ કામોની જવાબદારી સંભાળતા પાટનગર યોજના વિભાગમાં છેલ્લા ત્રણ મહીનાથી ગ્રાન્ટ ન ફળવાતા નાના મોટા ટેન્ડરો ભરીને સરકારી કામો કરતા કોન્ટ્રાકટરોના નાણાં અટવાયા છે. આ મામલે કોન્ટ્રાકટર એસોસિએશને માર્ગ મકાન

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના ત્રણ અગ્રણીઓ ભાજપની પ્રદેશ કારોબારીમાં નિમાયા



ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર-જિલ્લાના ભાજપના ત્રણ અગ્રણીઓ પ્રદેશ કારોબારીમાં નિમાતા કાર્યકરોમાં બારે ઉત્સાહની લાગણી પ્રવર્તી હતી.

ગુડાના પૂર્વ ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ગાંધીનગર મહાનગર ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી નિતીનભાઈ પટેલ અને ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલની ભાજપની પ્રદેશ કારોબારીમાં નિમણુંક કરાઈ છે. આ ઉપરાંત ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપના અગ્રણી શ્રી ભગવાનદાસ પંચાલ, દહેગામના પૂર્વ ધારાસભ્ય કલ્યાણસિંહ ચૌહાણ અને ગાંધીનગર સ્થિત દસાડાના ધારાસભ્ય પુમનભાઈ મકવાણાની પણ પ્રદેશ કારોબારીમાં નિમણુંક કરાઈ છે.




**શ્રીમાળી સોની બેસણું- સાથ સંગાથ**

અમારા પૂજ્ય પિતાશ્રી હસમુખલાલ માણેકલાલ સોની તા.૨૭-૦૩-૧૬ને રવિવારે અક્ષર નિવાસી થયા છે. સદ્‌ગતનું બેસણું તા. ૦૩-૦૪-૧૬ને રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે. સામાજીક રીતિ-રિવાજ મુજબ સાથ-સંગાથ સવારે ૧૧.૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ : ઝુલેલાલ સિંધુધામ મંદિર, સે. ૨૧-૩૦ બસ સ્ટેન્ડ પાછળ, સેક્ટર-૩૦, ગાંધીનગર

ગં.સ્વ સોની વિમળાબેન હસમુખભાઈ (પત્ની) સોની વિપુલભાઈ હસમુખભાઈ (પુત્ર)
સોની નવિનચંદ્ર માણેકલાલ (ભાઈ) સોની સંજયભાઈ હસમુખભાઈ (પુત્ર)
સ્વ. સોની માણેકલાલ ચુનિલાલ સહ પરિવાર

નોધ : પિયરપક્ષનું બેસણું તથા સાથ-સંગાથ ઉપરોક્ત સ્થળે રાખેલ છે.
સ્વ. મધુસુદનભાઈ તથા પદ્યુમનભાઈ ડાહ્યાભાઈ સોની સહપરિવાર

ફર્મ : શ્રેય ઈન્વેસ્ટમેન્ટ


# મનરેગાના લેબર બજેટ સહિતના છ ઠરાવો પ્રમુખ સ્થાનેથી રજુ થયેલા તે નામંજૂર કરતા વિકાસ કમિશનર

## રાજકીય ટકરાવ પંચાયતમાં ઘેરો બનવાના સંકેતો : લેબર બજેટ મંજૂર કરવા ખાસ બેઠકની કવાયત હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાનું મનરેગાનું લેબર બજેટ સહિતના પાંચ પ્રસ્તાવો જે ૧લી ફેબ્રુઆરીની બેઠકમાં પ્રમુખસ્થાનેથી લેવાયા હતા તે બધાજ વિકાસ કમિશ્નર દ્વારા નામંજૂર થતાં જિલ્લાની વહીવટીય પાંખ તથા ચૂંટાયેલી પાંખમાં સન્નાટો છવાઈ જવા પામેલ છે.

મનરેગાનું લેબર બજેટ તેમજ સરકારમાંથી તાંત્રિક ચકાસણી થઈને આવેલા કામોને બહાલી અપાયા બાદ વર્ક ઓર્ડર પણ અપાઈ ગયા છે હવે વિકાસ કમિશ્નર દ્વારા તે બધાજ ૬ જેટલા ઠરાવો નામંજૂર કરાતાં વહીવટીતંત્રની મૂંઝવણમાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની વહીવટીય પાંખ દ્વારા હવે નવી ખાસ સામાન્ય સભા ના મળે ત્યાં સુધી કયો માર્ગ અપનાવવો તેને લઈ કવાયત હાથ ધરી છે.

વિકાસ કમિશ્નરશ્રીએ તેમના આદેશમાં એવું નોંધ્યુ છે કે હાજર રહેલા સભ્યોની બહુમતીથી સંમતિ લઈને કોઈ સભાને વખતો વખત મુલ્તવી રાખી શકાશે પણ અગાઉની સભામાં નિકાલ કરવાનું બાકી રહ્યુ હોય તે સિવાયનું કોઈપણ કામકાજ કોઈપણ મુલ્તવી રાખેલ સભામાં ચલાવી શકાય નહિ.

૨૨મી જાન્યુઆરીએ મળેલ પંચાયતની સામાન્ય સભામાં સમિતિઓની રચનાના મુદ્દે કોંગ્રેસમાં પડેલી મડાગાંઠને લઈ પ્રમુખશ્રી રામાજી ઠાકોરે બહુમતિ સભ્યોની સહમતિ લઈ સભા મુલ્તવી રાખવાની જાહેરાત કરી હતી. આ મુલ્તવી રહેલી સભા ૧લી ફેબ્રુઆરીએ મળી હતી.

જેમાં એજન્ડા પરના પાંચ કામ પૂર્ણ થયા બાદ મનરેગાનું લેબર બજેટ તેમજ સરકારમાંથી તાંત્રિક ચકાસણી થઈ આવેલા ટેન્ડરોની બહાલી સહિતના કુલ ૬ જેટલા ઠરાવ પ્રમુખ સ્થાનેથી રજુ કરી અને બહાલ રખાયા હતા.

આ મુદ્દે ભાજપના શ્રી જયેશ ચૌધરીએ વિકાસ કમિશ્નરશ્રી સમક્ષ રજુ કરેલ વાંધા અરજીને ગ્રાહ્ય રાખી વિકાસ કમિશ્નરશ્રીએ ઠરાવ નં. ૧૩

● અનુસંધાન પાન-૭ પર



પસંદગીની પ્રક્રિયા - ગાંધીનગર મહાનગરપાલિકાની યોજાનાર ચૂંટણી માટે કોંગ્રેસે કવાયત આરંભી છે... શહેરના બ્રહ્મભવન ખાતે કોંગ્રેસના દાવેદારોને નિરીક્ષકો અને પ્રદેશ પદાધિકારીઓ સહિત સ્થાનિક પક્ષ પદાધિકારીઓ સાંભળી રહ્યા છે... હજુ ત્રણ દિવસ પ્રક્રિયા આગળ વધશે... કોંગ્રેસના સંભવિત ઉમેદવારો પોતાના સમર્થનની રજૂઆતો કરી બાયોડેટા આપે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ૨૬ થી ૨૮ એપ્રિલ દરમ્યાન જિલ્લામાં કોંગ્રેસની "પાણી યાત્રા"

## દહેગામથી શરૂ થઈ ગાંધીનગર કલોલ, માણસા થઈ મહેસાણા પહોંચશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રદેશ કોંગ્રેસના માર્ગદર્શન હેઠળ આગામી ૨૬ થી ૨૮ એપ્રિલ દરમ્યાન જિલ્લામાં પાણીયાત્રા યોજી પાણીની ગંભીર સમસ્યાને ઉજાગર કરશે.

જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે ૨૬મી એપ્રિલે દહેગામથી શરૂ થતી આ યાત્રા ગાંધીનગર કલોલ અને માણસા થઈ ૨૮મીએ મહેસાણામાં યોજાયેલ સમાપન સભામાં વિસર્જીત થશે.

ગાંધીનગર જિલ્લા પંચાયયતની તમામ બેઠકોને આ યાત્રામાં આવરી લેવામાં આવશે. આ યાત્રામાં જિલ્લાના તમામ નેતાઓ જોડાશે.

સમગ્ર ગુજરાતમાં આગામી દિવસોમાં પીવાના પાણીની વિકટ સમસ્યા સામે જન આક્રોશ ઉભો થયો છે જેને ઉજાગર કરવા માટે જિલ્લા કોંગ્રેસની તાકીદની બેઠક આજે ગાંધીનગર ખાતે પ્રદેશ પ્રભારીશ્રી લાખાભાઈ ભરવાડ અને અશ્વિનભાઈ કોટવાલની ઉપસ્થિતિમાં જિલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રામાજી ઠાકોર, ધારાસભ્યશ્રી કામિનીબા રાઠોડ, અમિતભાઈ ચૌધરી, પ્રદેશ નિરિક્ષકશ્રી બળદેવભાઈ લૂણી, શ્રીમતી રમીલાબેન દેસાઈ, પ્રદેશ પ્રવક્તા શ્રી ડૉ. હિમાંશુભાઈ પટેલ, તાલુકા પ્રમુખો સર્વશ્રી બાબુસિંહ ઝાલા, જગતસિંહ બિહોલા, પૃથ્વીસિંહ રાઠોડ, પીનાકીન બ્રહ્મભટ્ટ, બાબુજી ઠાકોર, ભુપેન્દ્રસિંહ રાઠોડ સહિત જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાના સદસ્યો વિગેરે આગેવાનો-કાર્યકરો હાજર રહ્યા હતા.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com